# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


રેફ નં.

તા: ૦૫/૧૨/૨૦૧૫

સુરત

તંત્રી શ્રી, ____________________

જત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

## કથીરીયા પરીવારે બ્રેનડેડ કેશુભાઈના અંગોનું દાન કરી ચાર વ્યક્તિઓને આપ્યું નવું જીવન અને નવી રોશની

નામ: કેશુભાઈ બધાભાઇ કથીરીયા ઉ. વ. ૫૬ બ્લડ ગ્રુપ: A+ (રામકૃષ્ણ ડાઈંગમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા)

રહેવાસી : ૪૮, શિવશક્તિ સોસાયટી, સીતાનગર ચોકડીની બાજુમાં, વરાછા, સુરત

મૂળ રહેવાસી : ગામ: બાધલા, જીલ્લો: જામનગર

કૌટુંબિક વિગત : પત્નિ : કસ્તુરબેન કેશુભાઈ કથીરીયા ઉ. વ. ૪૩

પુત્ર : જસ્મીન કેશુભાઈ કથીરીયા ઉ.વ ૨૦ (કીમમાં આવેલ ધનવંતરી એન્જીનીયરીંગ કોલેજમાં ઈલેક્ટ્રોનિક ડીપ્લોમામાં પાંચમાં સેમેસ્ટરમાં અભ્યાસ.)

પુત્રી : ૧. સોનલ રજનીકુમાર મુરશા ઉ.વ ૨૮

૨. મીના ભાવેશકુમાર સાકરીયા ઉ.વ ૨૫

૩. મનીષા કેશુભાઈ કથીરીયા ઉ.વ ૨૨

૪. દયા કેશુભાઈ કથીરીયા ઉ.વ ૨૧

<u>બનાવની વિગત:</u>

રવિવાર તા. ૨૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ બપોરે ૪:૦૦ કલાકે કેશુભાઈએ માથામાં દુખાવો અને ચક્કર આવવાની ફરીયાદ પરિવારજનોને કરી હતી. ત્યારબાદ તેઓ ચક્કર આવવાને કારણે ઘરમાં પડી ગયા હતા. તેથી તેઓને તેમના ફેમીલી ડોકટર ડૉ. મગનભાઈ કથીરીયા પાસે લઇ ગયા હતા. તેઓએ તેમને આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ન્યુરોફીઝીશ્યન ડૉ. કિશોર પડસાળાની સારવાર હેઠળ દાખલ થવાની સલાહ આપી . જેથી તેમના પરિવારે તેઓને આયુષ હોસ્પીટલમાં સાંજે ૫:૩૦ કલાકે દાખલ કર્યા. ત્યારબાદ તેમનું MRI કરાવતા મગજમાં માથાની નસ ફાટી ગઈ હોવાનું અને લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. તેથી રાત્રે ૯:૩૦ કલાકે ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે કેન્યોટોમી કરી માથામાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતી.

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation



બુધવાર તા. ૨ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ફરી એકવાર હેમરેજનો હુમલો થતા તેમની તબીયત બગડતી જતી હતી. ગુરુવાર તા. ૪ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ અને ન્યુરોફીઝીશ્યન ડૉ. કિશોર પડસાળાએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી કેશુભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફના સેક્રેટરી રાકેશ જૈને હોસ્પીટલ પહોંચી કેશુભાઈના પત્ની કસ્તુરબેન, પુત્ર જસ્મીન, ભાઈ મહેશ, સાળા રામજીભાઈ તથા કથીરિયા અને સગાવ્હા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશન અંગે જાણકારી આપી.

પરિવારના સભ્યોએ જણાવ્યુ કે " અમારા પરિવારમાં અમે નિર્ણય કર્યો જ હતો કે જ્યારે પણ કોઈપણ વ્યક્તિ પરિવારમાં બ્રેનડેડ થાય તો તેઓના અંગોનું દાન કરીને કિડની અને લીવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવું જોઈએ." જેથી જ્યારે કેશુભાઈ બ્રેનડેડ થયા ત્યારે તેઓના ધર્મપત્ની કસ્તુરબેને જણાવ્યું કે " મારા પતિ બ્રેનડેડ થઇ ગયા છે તો તેઓના અંગદાન માટે આપ આગળ વધો."

કસ્તુરબેન કહ્યું હતું કે "કોઈના પણ પરિવારમાં કોઈ વ્યક્તિ બ્રેનડેડ ન થાય પરંતુ જો બ્રેનડેડ થાય તો તેઓના અંગો ધાર્મિક ક્રિયા કરીને અંતિમ સંસ્કાર કરીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને બીજી વ્યક્તિઓને નવજીવન આપવું જોઈએ." એવી અપીલ તેમને સમાજને કરી હતી.

આમ પરિવારજનો તરફથી અંગદાન અંગે સંમતિ મળતા ડૉ. રમેશ પટેલ અને નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અંગદાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું, જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની ગાંધીનગરના કંકુબેન જીતુસિંહ ઝાલા ઉ.વ. ૫૭, માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર સુરતના પ્રકાશ દિનુભાઈ ગોર ઉ.વ. ૫૩ મા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. જમાલ રીઝવી , ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કેશુભાઈના પત્ની કસ્તુરબેન, પુત્ર જસ્મીન, પુત્રીઓ સોનલ, મીના, મનીષા, દયા, ભાઈ મહેશ, સાળા રામજીભાઈ તથા કથીરીયા અને સગાવ્હા પરીવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ, ન્યુરોફીઝીશ્યન ડૉ. કિશોર પડસાળા આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ, હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૧ કિડની, ૪૧ લીવર, ૩ પેન્ક્રીઆસ અને ૧૦૬ ચક્ષુઓનો દાન મેળવીને ૨૮૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala** — President — +91 98256 09922
**Sandeep Kumar, IRS** — Vice President — +91 81307 81031
**Rakesh Jain** — Hon. Secretary — +91 98241 10349
**Ramesh Malpani** — Hon. Treasurer — +91 98753 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961